# અરવલ્લી જિલ્લામાં શિયાળામાં વાદળછાયું વાતાવરણ, ખેતીપાકોમાં નુકશાન થવાની ભિતી

મોડાસા, તા. ૬

અરવલ્લી જિલ્લામાં ગુરુવારના રોજ વાતાવરણ વાદળછાયું બન્યું હતું. શિયાળાની શરૂઆત થઈ ગઈ હોવા છતાં હજુ ઠંડીનો માહોલ જામતો નથી. સાથે અસંતુલીત વાતાવરણને કારણે બપોરે ગરમી અને વહેલી સવારે ઠંડકનો અનુભવ થાય છે. ત્યારે વાતાવરણ વાદળછાયું બનતાં ખેતીપાકોમાં પણ નુકશાન થવાની ભિતી સર્જાઈ છે. ખેડૂતોએ હાલ રવિ પાક માટે વાવણી કરી દીધી છે ત્યારે જો માવઠું થાય તો પાક ઉગતા પહેલાં જ બગડવાની દહેશત ખેડૂતોને સતાવી રહી છે. બીજી બાજુ અસંતુલીત વાતાવરણને પગલે લોકોને રોગચાળાનો પણ ભય સતાવી રહ્યો છે.

ગુજરાતમાં ફરી કમોસમી વરસાદનો ખતરો સર્જાયો છે કારણ કે અરબી સમુદ્રમાં દક્ષિણપશ્ચિમ અને દક્ષિણપૂર્વમાં બંને તરફ એક એક સિસ્ટમ સક્રિય છે. જેમાથી દક્ષિણપશ્ચિમ તરફ સક્રિય લો પ્રેશર ડીપ્રેશનમાં પરિવર્તિત થઈ છે. બદલાયેલા વાતાવરણથી કમોસમી વરસાદની ભિતિને પગલે ખેડૂતોમાં ફફડાટ વ્યાપ્યો છે. ખરીફ પાકમાં થયેલા પારાવાર નુકસાન બાદ માવઠાથી રવિ પાક બગડવાની ભીતિ સેવાઈ રહી છે. ગ્લોબલ વૉર્મિંગની અસરને પગલે અરબી સમુદ્રમાં સતત ડીપ્રેશનની સ્થિતિ સર્જાતાં સમગ્ર રાજ્ય સહિત અરવલ્લી જિલ્લાનું વાતાવરણ વાદળછાયું બન્યું છે અને જિલ્લામાં હાલ વાતાવરણમાં પલટો આવ્યો છે સાથે ઠંડીનું પ્રમાણ વધ્યું છે ત્યારે માવઠાથી જગતના તાતને પડ્યા પર પાટું જેવી સ્થિતિ સર્જાઈ શકે છે.



ચાલુ વર્ષના ચોમાસામાં ભારે વરસાદ જિલ્લામાં પડ્યો હતો. જેના કારણે ખેડૂતોને નુકશાન વેઠવાનો વારો આવ્યો હતો. બાદમાં શિયાળાની શરૂઆતમાં જ માવઠાઓ થવાને કારણે ખેતરોમાં મગફળીના પાકને વ્યાપક નુકશાન થયું હતું. ત્યારે વારંવાર બદલાતા વાતાવરણથી ખેડૂતોનો તૈયાર થયેલ અળદ, મગફળી, મગ, સહિત કપાસ જેવા પાકોમાં ભારે નુકશાન વેઠવું પડ્યું હતું. ત્યારે ગુરુવારના રોજ અરવલ્લી જિલ્લામાં વાદળછાયુ વાતાવરણ સર્જાયુ હતું. વારંવાર વાતાવરણમાં પલટા આવવાને કારણે લોકોના આરોગ્ય ઉપર પણ માઠી અસર થઈ રહી છે. તાવ, શરદી, ઉધરસ, ન્યમોનિયા, ડેન્ગ્યુ સહિતની બિમારીઓ વધવાને કારણે લોકો પરેશાન થઈ રહ્યા છે. ત્યારે હવે રીતસરનો શિયાળો શરૂ થાય તેવી લોકો પ્રાર્થના કરી રહ્યા છે.



## ડીસા પંથકમાં વરસાદની શકયતા નહિવત પણ ઠંડી વધશે

ડીસા પંથકમાં છેલ્લા બે દિવસથી આકાશમાં વાદળો ઘેરાતા કમોસમી માવઠું પડવાની શક્યતા જણાઈ હતી જેથી ખેડૂતોના જીવ તાળવે ચોંટ્યા હતા. આ મામલે હવામાંન કચેરીના સૂત્રોએ જણાવ્યું હતું આગામી ૧૨ કલાક સુધી વાદળછાયું વાતાવરણ રહેશે પરંતુ વરસાદની શકયતા નહિવત છે. ચાલુ ચોમાસા દરમિયાન સમગ્ર રાજ્યમાં અતિ વૃષ્ટિ અને અવારનવાર કમોસમી વરસાદના પગલે ખેતીને વ્યાપક નુકસાન થયુ છે, જેથી ખેડૂત બેહાલ બન્યો છે. સતત વરસાદ પડતાં રહી સહી સિઝન પણ નિષ્ફળ નીવડી હતી અને ખેડૂતની હવે એકમાત્ર આશા શીયાળુ પાક તરફ મંડાયેલી હતી, તેવામાં ડીસા પંથકમાં છેલ્લા બે દિવસથી આકાશમાં વાદળો ગોરંભાતા વરસાદ પડવાની ચિંતાને લઈ ખેડૂતના જીવ પડીકે હતા. આ બાબતે ગુરુવારે ડીસા હવામાન કચેરીનો સંપર્ક કરતા જણાવ્યું હતું કે ડીસા પંથકમાં હાલમાં વરસાદની કોઈ જ શકયતા નથી માત્ર બે દિવસ વાદળછાયુ વાતાવરણ રહેશે પણ વાદળો વિખરાઈ જતા ઠંડી વધશે તેમ ઉમેર્યું હતું.

# રાજસ્થાનના સિરોહી જિલ્લાનો બનાવ, ચાર વર્ષનો બાળક ૨૦૦ ફૂટ ઊંડા બોરમાં પડ્યુ

રાજસ્થાનના સિરોહી જિલ્લાના છિબા ગામમાં સવારે ૨૦૦ ફૂટ ઊંડા બોરમાં બાળક પડ્યું હતું. જોકે તે બાળક ૧૫ ફૂટે જઈ અટકી જતાં તેમજ તંત્રની સતત રેસ્ક્યુ ઓપરેશનના પગલે બાળકનો જીવ બચી ગયો હતો. બાળકને મોડી સાંજે બોરમાંથી નીકાળી સારવાર માટે લઈ જવાયો હતો.

સિરોહી જિલ્લાના છિબા ગામમાં રહેતા અને ખેત મજુરી કરી પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા તેમજ ખેતરમાં છાપરું બનાવી રહેતા રૂપાભાઈનો ૪ વર્ષનો પુત્ર ભીમરામ ભીલ સવારે અંદાજે નવ વાગે રમતો રમતો નજીકના ખુલ્લા ૨૦૦ ફૂટ ઊંડા બોરમાં પડી ગયો હતો. જો કે, બાળક ઢીંચણના ભાગથી પડ્યો હોવાથી તે અંદાજે ૧૫ ફૂટ ઊંડાઈએ જઈ અટકી ગયો હતો.

જે અંગેની જાણ પ્રજા તંત્રને કરતા જિલ્લા કક્ષાના અધિકારીઓ સહિત લોકોના ટોળેટોળાં બનાવ સ્થળે એકઠા થઈ ગયા હતા અને સવારથી સતત બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી. જે તંત્રને સાંજે અંદાજે ૫ વાગે સફલતા મળતા તંત્ર સહિત લોકોએ રાહતનો દમ લીધો છે.






સાબરકાંઠા જીલ્લાના હિંમતનગરમાં જીઆઈડીસીમાં આવેલ બાયર ઈન્ડિયાના સંકુલમાં ગુરૂવારે બ્લડ ડોનેશન ડ્રાઈવને લઈને બાયર ક્રોપ સાયન્સ લીમીટેડ ધ્વારા એચડીએફસી બેંક અને રેડક્રોસ હિંમતનગર સહયોગથી રક્તદાન કેમ્પ યોજાયો હતો જેમાં ફેક્ટરીમાં ફરજ બજાવતા કર્મચારીઓએ ભાગ લીધો હતો અને ૪૦ બોટલ રક્તદાન કર્યું હતું.

# વડગામના મેપડામાં અજાણ્યા શખ્સો દ્વારા ગાયને રોડની સાઈડમાં ફેંકી દીધી

### ચાલુ ગાડીએ ગાયને ફેંકી દેતાં ગાયના બંને પગ ભાગ્યા ગાયની દયનીય હાલત હોવાથી જીવદયા પ્રેમીઓમાં રોષ

વડગામ તાલુકાના મેપડા ગામમાં કોઈ હરામખોર અજાણ્યા શખ્સો દ્વારા ચાલું ડાલામાંથી ગાયને રોડની સાઈડમાં ફેંકી દીધી હતી. ચાલુ ડાલામાંથી ફેંકાયેલી ગાયના આગળના બંને પગ ભાગી જતાં ગાયની દયનીય હાલત બની ગઈ છે. જેને લઈ જીવદયા પ્રેમીઓમાં રોષ પ્રગટ



થઈ રહ્યો છે. પોલીસ દ્વારા તાત્કાલિક ધોરણે તપાસ કરીને હરામખોર તત્વોને ઝડપી લેવા માંગ ઉઠવા પામી છે.

મેપડા ગામમાં ચાર પાંચ દિવસ અગાઉ કોઈક અજાણ્યા શખ્સો દ્વારા ચાલુ ડાલામાં ગાયને રોડની સાઈડમાં ફેંકી દીધી છે. ચાલુ ડાલામાંથી ફેંકી દેવાયેલી ગાયના આગળના બંને પગ ભાગી જતા ગાયની હાલત દયનીય બની ગઈ છે. અને ગાય દર્દથી કણસી રહી છે. આસપાસના ખેતરના માલિકો તેમજ જીવદયા પ્રેમીઓ દ્વારા ગાયને પાણી તેમજ ઘાસચારો નાંખવામાં આવી રહ્યો છે. દર્દથી કણસી રહેલી ગાયની હાલત જોયને જીવદયા પ્રેમીઓમાં રોષની લાગણી ફેલાઈ છે. ગાયને સારવારની જરૂર હોય પશુ આરોગ્ય દ્વારા સારવાર આપવામાં આવે તેવુ જીવદયા પ્રેમીઓમાંથી માંગ ઉઠવા પામી છે. તેમજ મેપડા બાદરપુરા ગૃપ ગ્રામપંચાયતના સરપંચ રાકેશભાઈ પ્રજાપતી દ્વારા કસુરવારો સામે કડક કાર્યવાહી કરવા માંગ કરાઈ છે.

# ડીસામાં હોમગાર્ડઝના જવાનો દ્વારા હોમગાર્ડઝ સ્થાપના દિનની ઉજવણી નિમિતે રેલી

### જિલ્લા કમાન્ડન્ટ આર.એમ. પંડયાએ હોમગાર્ડઝ જવાનોની રેલીને પ્રસ્થાન કરાવી

હોમગાર્ડઝ સ્થાપના દિનની ઉજવણીના ભાગરૂપે હોમગાર્ડઝ તાલુકા યુનિટ ડીસા દ્વારા એક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું જેને જીલ્લા કમાન્ડન્ટ આર.એમ.પંડયાએ પ્રસ્થાન કરાવી હતી.

બનાસકાંઠા જીલ્લા હોમગાર્ડઝના જીલ્લા કમાન્ડન્ટ આર.એમ. પંડયાની સુચનાથી તેમજ સબ ઈન્સ્પેક્ટર એલ.એચ. વ્યાસના માર્ગદર્શન મુજબ હોમગાર્ડઝ સ્થાપના દિનની ઉજવણીના ભાગરૂપે હોમગાર્ડઝ તાલુકા યુનિટ ડીસા ખાતે જીલ્લા કમાન્ડન્ટ આર.એમ. પંડયા અને સબ ઈન્સ્પેકટર એલ.એચ. વ્યાસનું પુષ્પગુચ્છ આપી સન્માન કરવામાં આવ્યું હતું. જીલ્લા કમાન્ડન્ટ આર.એમ. પંડયાએ હોમગાર્ડઝ જવાનોને સ્થાપના દિનની શુભેચ્છાઓ પાઠવી રેલીને પ્રસ્થાન કરાવી હતી. આ પ્રસંગે ઓફીસર કમાન્ડીગ એસ.કે.પંડયા, કલાર્ક બી.વી. ભોકુ, પ્લાટુન સાર્જન્ટ એ.બી. સાધુ સહિત હોમગાર્ડઝના જવાનો ઉપસ્થિત રહ્યાં હતાં. આ ઉપરાંત જુનાડીસા સબ સેન્ટર ખાતે પ્લાટુન કમાન્ડર એસ.જે. ઘોરી અને પ્લાટુન સાર્જન્ટ બી.કે. છત્રાલીયાની હાજરીમાં જુનાડીસા પરેડ ગ્રાઉન્ડ ખાતે પરેડ યોજયા બાદ જુનાડીસાના માર્ગો પર રેલી યોજી સ્થાપના દિનની ઉજવણી કરવામાં આવી હતી.







## બાળકોને પોસ્કો કાયદાની માહિતી અપાઈ

સાબરકાંઠા જિલ્લા બાળ સુરક્ષા એકમ અને સર્વ શિક્ષા અભિયાનના સંયુક્ત ઉપક્રમે કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય દેલવાડા અને કાળાખેતરા પોશીના ખાતે પોકસો કાયદા હેઠળ જાગૃતિ કાર્યક્રમ કરવામાં આવેલ જેમાં જિલ્લા બાળ સુરક્ષાના લીગલ કમ પ્રોબેશન અધિકાર એસ.આર. કેવટ દ્વારા પોકસો કાયદા ૨૦૧૨ની માહિતી અને કનુભાઈ પટેલ દ્વારા જિલ્લા બાળ સુરક્ષા યોજનાની માહિતી વિદ્યાર્થીઓને આપવામાં આવેલ. આ કાર્યક્રમમાં સર્વ શિક્ષા અભિયાન હિંમતનગર ખાતેથી મીનાક્ષીબેન તેમજ વિદ્યાલયના શિક્ષકો હાજર રહ્યા હતા.

# થરામાં ડૉ.બાબા સાહેબ આંબેડકરના નિર્વાણ દિનની ઉજવણી કરાઈ

થરા, તા. ૬

ભારતના બંધારણના ઘડવૈયા દલિતોના મસિહા પ્રબુધ્ધ મહાન વિભૂતિ અને ભારતીય સપૂત વંદનીય મહામાનવ ભારત રત્ન ડૉ.બાબા સાહેબ આંબેડકરના ૬૩માં નિર્વાણ દિન નિમિતે થરા શહેર અને કાંકરેજ દલિત સમાજ દ્વારા આયોજિત કાંકરેજ તાલુકાના વહેપારી મથક થરામાં આવેલ સંતશ્રી રોહિતદાસ કુમાર છાત્રાલયના પટાંગણમાં ગુરૂવાર ૬-૧૨-૨૦૧૯ના રોજ બપોરે ૨ થી ૫ સુધી સુંદર સભાનું આયોજન કર્યુ હતુ.



આ પ્રસંગે બાલિકાઓએ સ્વાગત ગીત રજૂ કરી મહેમાનોનું સ્વાગત કરી સંતોના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય કરી સભાની શરૂઆત કરવામાં આવી હતી. શાબ્દિક સ્વાગત બાદ ઉપસ્થિત મહાનુભાવોને તથા થરાની વિધવા માતાઓ તથા બહેનોને શાલ ઓઢાડી સન્માન કરેલ. શાલ પ્રવિણભાઈ એમ.પરમાર પ્રમુખ સંત શિરોમણી રવિદાસ વિશ્વ મહાપિઠ બ.કાં., મંત્રી એસ.સી.મોરચો બ.કાં.જિલ્લા ભાજપ તરફથી આપવામાં આવેલ. ઉપસ્થિત સંત જામનાથ બાપુ કોટડા (દિયોદર), સંત રાજારામ બાપુ ઝાલમોર (કાંકરેજ), સંત કરશનદાસ બાપુ (રાધનપુર મઢી), સંત ખેમદાસ બાપુ (થરા રામદેવપીર મંદિર), સાધુ રણછોડદાસ દયાલદાસ તાંતીયાણાંવાળાએ આશીર્વચન પાઠવ્યા હતા. આ પ્રસંગે કાંકરેજ ધારાસભ્ય કીર્તિસિંહ પી. વાઘેલા, પૃથ્વીરાજસિંહ સી. વાઘેલા માજી રાજવી/પ્રમુખ લોક અધિકાર મંચ બ.કા., યશપાલસિંહ ટી. વાઘેલા પત્રકાર, ભારતસિંહ ભટેસરીયા, અણદાભાઈ આર. પટેલ, ગિરીશભાઈ પટેલ વગેરે હાજર રહ્યા હતા.

# પ્રાંતિજ સિંધી સમાજના ઉપપ્રમુખ રાજુભાઈ કિમતાણીનુ અચાનક દુ:ખદ અવસાન

પ્રાંતિજ, તા. ૬

સાબરકાંઠા જિલ્લા પ્રાંતિજ ખાતે રહેતા સિંધી સમાજના ઉપપ્રમુખ તથા જયઅંબે કરીયાણા સ્ટોર્સના માલિક રાજુભાઈ કિમતાણીનું અચાનક હૃદયરોગથી દુખદ અવસાન થતા પરિવાર સહિત સગાસંબંધીઓ અને સમસ્ત સિંધી સમાજમાં શોક પ્રસરી જવા પ્રામ્યો હતો.

પ્રાંતિજ ખાતે રહેતા સિંધી સમાજના અગ્રણી રાજુભાઈ લછુમલ કિંમતાણીનું તા. ૫-૧૨-૨૦૧૯ના રોજ રાત્રીના સમયે હાર્ટએટેકને કારણે દુખદ અવસાન થતા આ વાતની જાણ સમસ્ત સિંધી સમાજમાં થતા શોકની લાગણી પ્રસરી ગઈ હતી. તારીખ ૨-૧૧-૬૩ના રોજ જન્મેલા રાજુભાઈ કિમતાણી ૫૬ વર્ષની ઉમરે અચાનક હાર્ટએટેકના કારણે અવસાન થતાં પરિવાર સહિત સગાસંબંધીઓમાં શોક પ્રસરી જવા પ્રામ્યો હતો. જય અંબે કરીયાણા સ્ટોર્સના માલિક તથા ઉમિયા ગ્રીફટ દિનેશભાઈ તથા ટેડ ફેસનના માલિક સંતોષ ભાઈના પિતા રાજુભાઈ કિમતાણી કે જેવો પ્રાંતિજ સિંધી સમાજના મુખી તરીકે પણ વર્ષોથી સેવા આપી હતી અને દરેક સામાજિક અને ધાર્મિક પ્રસંગોએ હાજર રહીને દરેક પ્રસંગો સફળતા પૂર્વક પાર પાડ્યા હતા. તેવો સમાજમાં તેવોના હસમુખા સ્વભાવના કારણે સમાજમાં પ્રિય બન્યા હતા. તેમના અચાનક અને અણધાર્યા અવસાનના કારણે પરિવાર સહિત સિંધી સમાજમાં ભારે ખોટ પડી છે. તેમના મૃત્યુના સમાચાર વાયુવેગે પ્રસરી જતાં પ્રાંતિજનગરના વેપારીઓ તથા સંગાસંબધીઓ તથા સિંધી સમાજના ભાઈ-બહેનો તેમના શુભચિંતકો તેમના નિવાસસ્થાને ગજાનંદ સોસાયટી પાસે દોડી આવ્યા હતા અને તેમના અંતિમ દર્શન કરી અંતિમ યાત્રામાં જોડાયા હતા. સ્વર્ગસ્થ રાજુભાઈ તેમના પરિવારમાં બે પુત્રો દિનેશ અને સંતોષ ઉપરાંત તેમની દિકરી ખુશી તથા તેમના ધર્મ પત્ની હીરાબેનને કલ્પાંત કરતા મૂકીને પ્રભુધામ પહોચ્યા છે. ૫ મી ડીસેમ્બરના રોજ જલગાંવથી આવેલ જયોતયાત્રાનુ સ્વાગત કર્યુ હતું અને મોડી રાત્રે અચાનક હૃદયરોગનો દુખાવો થતા તેમને પ્રાંતિજ અને હિંમતનગર સારવાર માટે લઈ જવામા આવ્યા હતા પણ તેમનુ પ્રાણપંખીરૂ ઉડી ગયું હતું અને કિમતાણી પરિવાર સહિતના સગાઓ પાસેથી રાજુભાઈએ અચાનક જ કાયમી વિદાય લેતાં પ્રાંતિજ સિંધી સમાજમાં પણ કદી ના પૂરાય તેવી ખોટ પડી હતી. તેમની અંતિમયાત્રામાં સગાસંબંધીઓ સહિત સોસાયટીના રહીશો તથા પ્રાંતિજના વેપારીઓ મિત્રો સિંધી સમાજના લોકો સહિત મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.



# પ્રાંતિજ ખાતે ડૉ. બાબા સાહેબ નિર્વાણ દિવસે શ્રધ્ધાંજલિ અર્પણ કાર્યક્રમ યોજાયો

પ્રાંતિજ, તા. ૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ભાખરીયા બસ સ્ટેશન પાસે આવેલ ડૉ.બાબા સાહેબ આંબેડકરના બાવલાને ફુલહાર પહેરાવીને નિર્વાણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.



પ્રાંતિજ આંબેડકર શોપીંગ ખાતે આવેલ ડૉ.બાબાસાહેબના બાવળાને છઠ્ઠી ડિસેમ્બરના રોજ આંબેડકર નિર્વાણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી જેમાં દલિત સમાજના લોકો સહિત ભાજપ-કોંગ્રેસના કાર્યકરો ઉપસ્થિત રહીને ડૉ.બાબા સાહેબ આંબેડકરના બાવળાને ફુલહાર પહેરાવી ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે નગરપાલિકાના પ્રમુખ ગીતાબેન પટેલ, ચીફ ઓફિસર વિશાલભાઈ પટેલ, ભાજપ શહેર પ્રમુખ નિત્યાનંદભાઈ બ્રહ્મભટ્ટ તથા નગરપાલિકાના કોર્પોરેટર દિપકભાઈ કડીયા, તથા નિકુલ ભાઈ રામી, વિજયભાઈ શર્મા સહિત ઉપસ્થિત રહ્યાં હતા. સમાજના આગેવાનો કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી અમર રહો ના નારા સાથે ફુલહાર પહેરાવી ને શ્રધ્ધાંજલી આપી હતી.

# પાલનપુર રેલ્વે સ્ટેશનથી મળેલ બાળકનુ ચિલ્ડ્રન હોમની મદદથી સાત મહિના બાદ પરિવાર સાથે મિલન

૧૧ એપ્રિલ-૨૦૧૯ના રોજ પાલનપુર રેલ્વે પોલીસને રેલ્વે સ્ટેશનથી એક બાળક મળી આવ્યું હતું. જે બાળકને રેલ્વે પોલીસ દ્વારા ચાઈલ્ડલાઈનની મદદથી ચિલ્ડ્રન હોમ પાલનપુરની સંસ્થામાં સોંપવામાં આવ્યું હતું. આ બાળકને કાઉન્સેલર દ્વારા કાઉન્સેલીંગ કરતા બાળક તેનું નામ રોહિતકુમાર હોવાનું જણાવ્યું અને તે ક્યાંથી પોતાના પરિવારથી છુટો પડ્યો તે બાબતે પુછતાં બાળક પોતે હૈદરાબાદમાં રહેતો હતો અને ચર્ચમાં ભણવા માટે જતો હતો તેમ જણાવ્યું ત્યારબાદ ચિલ્ડ્રન હોમ પાલનપુર દ્વારા બાળ કલ્યાણ સમિતિ બનાસકાંઠાના આદેશથી બાળકને હૈદરાબાદ ખાતે ચિલ્ડ્રન હોમમાં મોકલવાની પ્રક્રિયા હાથ ધરી પરંતુ રેલ્વેમાં રીઝર્વેશન વધારે હોવાથી બાળકનું ઝડપી હૈદરાબાદ મોકલવાનુ શકય બન્યું નહી.

પાલનપુર ચિલ્ડ્રન હોમમાં રહેતા બાળકનું બાળક કલ્યાણ સમિતિ બનાસકાંઠા આદેશથી રોહિતકુમારનું ફરીથી કાઉન્સેલિંગ કરતાં બાળકના પિતા અને માતા પીએસએલ કાર્ગો કંપનીમાં મજુરી કામ કરતાં હતા તેમ જણાવ્યું ત્યારબાદ અધિક્ષક દ્વારા ઈન્ટરનેટ ઉપર પીએસએલ કાર્ગો કંપનીનું નામ સર્ચ કરતાં પીએસએલ કાર્ગો કંપની ગુજરાતમાં ગાંધીધામ (કચ્છ) ખાતે આવેલ છે. ત્યારબાદ ઈન્ટરનેટની મદદથી પીએસએલ કાર્ગો કંપનીના હેડ મેનેજરનો સંપર્ક કરવામાં આવ્યો અને તેઓને પીએસએલ કાર્ગો કંપનીમાંથી કામ કરતાં કામદારનું બાળક ખોવાઈ ગયું છે અને તે બાળક છેલ્લા ૭ માસથી ચિલ્ડ્રન હોમ પાલનપુર ખાતે રહે છે